Monnday
28.04.2025
✳Volume :9 ✳ Issue No.284
✳Email.:kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor:Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM Daily

વંદે માતરમ્

RNI No.:GUJGUJ/2016/73451

✳Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

### મન કી બાતમાં પીએમ મોદીએ કહ્યું

# પીડિત પરિવારોને ન્યાય અને ગુનેગારોને કડક સજા મળશે

## ૨૨ એપ્રિલે પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાએ દરેક નાગરિકને દુઃખી કર્યો છે, દરેક ભારતીયને પીડિત પરિવારો પ્રત્યે ઊંડી સહાનુભૂતિ છે : મોદી



કમલમ્, નવી દિલ્હી,

વડાપ્રધાન નરેન્દ્ર મોદી "મન કી બાત" ના એપ્રિલ મહિનાના કાર્યક્રમના સંબોધનમાં પહેલગામ આતંકવાદી હુમલા પર વાત કરી છે. તેમણે કહ્યું, "જ્યારે હું તમારી સાથે મારા મનની વાત કરી રહ્યો છું, ત્યારે મારા મનમાં ઊંડું દુઃખ છે. ૨૨ એપ્રિલે પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાએ દરેક નાગરિકને દુઃખી કર્યો છે. દરેક ભારતીયને પીડિત પરિવારો પ્રત્યે ઊંડી સહાનુભૂતિ છે."

પીએમ મોદીએ મન કી બાતમાં કહ્યુ કે, પહેલગામમાં થયેલો આ હુમલો આતંકવાદને પ્રાયોજિત કરનારાઓની હતાશા દર્શાવે છે, તેમની કાયરતા દર્શાવે છે. જે સમયે કાશ્મીરમાં શાંતિ પાછી ફરી રહી હતી, શાળાઓ અને કોલેજોમાં ઉત્સાહ હતો, બાંધકામ કાર્ય અભૂતપૂર્વ ગતિએ આગળ વધી રહ્યુ હતું, લોકશાહી મજબૂત થઈ રહી હતી, પ્રવાસીઓની સંખ્યામાં રેકોર્ડ વધારો થઈ રહ્યો હતો, લોકોની આવક વધી રહી હતી, યુવાનો માટે નવી તકોનું સર્જન થઈ રહ્યું હતું. દેશના દુશ્મનો, જમ્મુ અને કાશ્મીરના દુશ્મનોને આ ગમ્યું નહીં.આ સાથે તેમણે જણાવ્યુ કે, આતંકવાદીઓ અને તેમના આકાઓ ઈચ્છે છે કે, કાશ્મીર ફરીથી બરબાદ થાય અને તેથી જ તેમણે આટલા મોટો કાવતરાને અંજામ આપ્યો. આતંકવાદ સામેના આ યુદ્ધમાં દેશની એકતા, ૧૪૦ કરોડ ભારતીયોની એકતા આપણી સૌથી મોટી તાકાત છે. આ એકતા આતંકવાદ સામેની આપણી નિર્ણાયક લડાઈનો પાયો છે.



પીએમ મોદીએ વધુમાં ઉમેર્યું કે, દેશ સામેના આ પડકારનો સામનો કરવા માટે આપણે આપણા સંકલ્પને મજબૂત બનાવવો પડશે. આપણે એક રાષ્ટ્ર તરીકે મજબૂત ઈચ્છાશકિત દર્શાવવી પડશે. આજે દુનિયા જોઈ રહી છે, આ આતંકવાદી હુમલા પછી આખો દેશ એક અવાજમાં બોલી રહ્યો છે. ભારતના લોકોમાં જે ગુસ્સો છે તે આખી દુનિયામાં છે. આ આતંકવાદી હુમલા બાદ, વિશ્વભરમાંથી સતત સંવેદનાઓ મોકલવામાં આવી રહી છે. વૈશ્વિક નેતાઓએ મને ફોન કર્યો છે, પત્રો લખ્યા છે અને સંદેશા મોકલ્યા છે. આ જઘન્ય આતંકવાદી હુમલાની બધાએ સખત નિંદા કરી છે. તેમણે મૃતકોના પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે.

પીડિત પરિવારોને ખાતરી આપતા તેમણે જણાવ્યુ છે કે, આતંકવાદ સામેની આપણી લડાઈમાં આખી દુનિયા ૧૪૦ કરોડ ભારતીયોની સાથે ઉભી છે. હું ફરી એકવાર પીડિત પરિવારોને ખાતરી આપું છું કે તેમને ન્યાય મળશે, ન્યાય ચોક્કસ મળશે. આ હુમલાના ગુનેગારો અને કાવતરાખોરોને સૌથી કડક જવાબ આપવામાં આવશે. તેમણે કહ્યું કે આતંકી અને આતંકના વડાઓ ઈચ્છે છે કે કાશ્મીર ફરી તબાહ થઈ જાય અને એટલા માટે આ મોટા ષડયંત્રને અંજામ આપ્યો. આતંકવાદ વિરુદ્ધ યુદ્ધમાં દેશની એકતા, ૧૪૦ કરોડ ભારતીયોનો સહયોગ, આપણી સૌથી મોટી તાકાત છે. આ એકતા, આતંકવાદ વિરુદ્ધ આપણી નિર્ણાયક લડાઈનો આધાર છે.

પીએમ મોદીએ કહ્યુ કે આપણે દેશની સામે આવેલા આ પડકારનો સામનો કરવા માટે આપણા સંકલ્પોને મજબૂત કરવાના છે. આપણે એક રાષ્ટ્રના રૂપમાં દ્રઢ ઈચ્છાશક્તિનું પ્રદર્શન કરવાનું છે. આજે દુનિયા જોઈ રહી છે, આ આતંકી હુમલા બાદ દેશ એક સ્વરમાં બોલી રહ્યો છે. પીએમ મોદીએ કહ્યું કે હું પીડિત પરિવારોને ફરી વિશ્વાસ અપાવું છું કે તેને ન્યાય મળશે, ન્યાય મળીને રહેશે. આ હુમલાના દોષિતો અને ષડયંત્ર રચનારને કઠોર જવાબ આપવામાં આવશે.

# વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ‘મન કી બાત’માં અમદાવાદ સાયન્સ સિટીનો ગૌરવપૂર્ણ ઉલ્લેખ

## વડાપ્રધાનશ્રીના શબ્દો સાયન્સ સિટીની સફળતા અને તેની રાષ્ટ્ર નિર્માણમાં, વિજ્ઞાન અને ટેક્નોલોજીના પ્રચાર-પ્રસારમાં ભૂમિકા પર મહોર સમાન



કમલમ્,

ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેમના લોકપ્રિય રેડિયો કાર્યક્રમ ‘મન કી બાત’ના ૧૨૧મા એપિસોડમાં ગુજરાતની શાન સમાન અમદાવાદ સાયન્સ સિટીનો ગૌરવભેર ઉલ્લેખ કર્યો હતો. વડાપ્રધાનશ્રીએ દેશના યુવાનોમાં વિજ્ઞાન, ટેક્નોલોજી અને ઈનોવેશન પ્રત્યે વધી રહેલી રુચિની પ્રશંસા કરતાં જણાવ્યું કે, આ બાબત ભારતના ઉજ્જ્વળ ભવિષ્યનો સંકેત આપે છે. તેમણે છત્તીસગઢના દંતેવાડા જેવા વિસ્તારોમાં સ્થપાયેલા વિજ્ઞાન કેન્દ્રોની સકારાત્મક અસરની વાત કરી અને આ જ સંદર્ભમાં અમદાવાદ ખાતે આવેલ ગુજરાત સાયન્સ સિટીનો ઉલ્લેખ કર્યો હતો. વડાપ્રધાન શ્રી મોદીએ જણાવ્યું, “હમણાં કેટલાક સમય પહેલાં મેં ગુજરાત સાયન્સ સિટીમાં પણ સાયન્સ ગેલેરીનું ઉદ્ઘાટન કર્યું હતું. આ ગેલેરીઝમાંથી એ ઝલક મળે છે કે આધુનિક વિજ્ઞાનની ક્ષમતા શું છે, વિજ્ઞાન આપણા માટે કેટલું બધું કરી શકે છે. મને જાણકારી મળી છે કે આ ગેલેરીઝ અંગે ત્યાં બાળકોમાં ખૂબ જ ઉત્સાહ છે. વિજ્ઞાન અને ઈન્નોવેશન પ્રત્યે આ વધતું આકર્ષણ, જરૂર ભારતને નવી ઊંચાઈ પર લઈ જશે.” વડાપ્રધાનશ્રીના આ શબ્દો સાયન્સ સિટીની સફળતા અને તેની રાષ્ટ્ર નિર્માણમાં ભૂમિકા પર મહોર સમાન છે.

અમદાવાદ સાયન્સ સિટીની સ્થાપના પાછળ સરકારની દીર્ઘદ્રષ્ટિ રહેલી છે. ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગના નેજા હેઠળ, સમાજમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવવા અને ખાસ કરીને યુવા પેઢીને વિજ્ઞાન અને ટેક્નોલોજીના અદભુત વિશ્વ સાથે જોડવાના ઉદ્દેશ્યથી, ૧૦ ઓગસ્ટ ૧૯૯૯ ના રોજ ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ સિટી (GCSC)ની સ્થાપના કરવામાં આવી. માત્ર બે વર્ષના ટૂંકા ગાળામાં, વર્ષ ૨૦૦૧-૦૨ દરમિયાન સાયન્સ સિટીના પ્રથમ તબક્કાનો શુભારંભ થયો. આ તબક્કામાં, ભારતના સૌપ્રથમ IMAX 3D થિયેટરનું લોકાર્પણ એક મોટી સિદ્ધિ હતી, જેણે મુલાકાતીઓને વિજ્ઞાન અને પ્રકૃતિની દુનિયાનો અભૂતપૂર્વ ઈમર્સિવ અનુભવ કરાવ્યો. આ સાથે જ, હોલ ઓફ સાયન્સ અને હોલ ઓફ સ્પેસ જેવી ઈન્ટરેક્ટિવ ગેલેરીઓ, ઊર્જાના વિવિધ સ્રોતો અને સંરક્ષણ વિશે જાગૃતિ ફેલાવતો એનર્જી એજ્યુકેશન પાર્ક, જીવવિજ્ઞાન અને પર્યાવરણની જટિલતાઓને સરળતાથી સમજાવતો લાઈફ સાયન્સ પાર્ક, પૃથ્વીની રચના અને કુદરતી આપત્તિઓ વિશે રોમાંચક માહિતી આપતું પ્લેનેટ અર્થ (જે હાલમાં વધુ સારા અનુભવ માટે રિનોવેશન હેઠળ છે અને જે અગાઉ 4D થિયેટરનો અનુભવ કરાવતું હતું), સાંસ્કૃતિક અને શૈક્ષણિક કાર્યક્રમો માટે એમ્ફિથિયેટર અને મનોરંજક મ્યુઝિકલ ફાઉન્ટેન જેવી સુવિધાઓ તબક્કાવાર ઉમેરાઈ. આ પ્રારંભિક આકર્ષણોએ સાયન્સ સિટીને માત્ર ગુજરાત જ નહીં, પરંતુ દેશભરના વિજ્ઞાન પ્રેમીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બનાવ્યું છે. વૈશ્વિક સ્તરે વિજ્ઞાન કેન્દ્રો સાથે કદમ મિલાવવા અને મુલાકાતીઓને અદ્યતન અનુભવો પ્રદાન કરવાના હેતુથી, સાયન્સ સિટીના વિકાસનો બીજો તબક્કો હાથ ધરવામાં આવ્યો. ૧૬ જુલાઈ ૨૦૨૧ના રોજ, ખુદ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ચ્યુઅલ માધ્યમથી આ નવાં આકર્ષણોનું ઉદ્ઘાટન કર્યું, જે સાયન્સ સિટીની વિકાસયાત્રામાં સુવર્ણ અક્ષરે અંકિત થયું છે. આ બીજા તબક્કામાં, અત્યાધુનિક ટેકનોલોજીથી સજ્જ અને ભારતની સૌથી મોટી પબ્લિક એક્વેટિક ગેલેરીનો સમાવેશ થાય છે, જે સમુદ્રી જીવસૃષ્ટિના વૈવિધ્યપૂર્ણ અને અદભુત વિશ્વની ઝલક આપે છે. તેની સાથે જ, રોબોટિક્સ ગેલેરી, જેમાં ૭૯ વિવિધ પ્રકારના રોબોટ્સ, તેમના ઈતિહાસ, વર્તમાન અને ભવિષ્યની ટેકનોલોજીનું પ્રદર્શન છે, તે યુવાનોને ઓટોમેશન અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ક્ષેત્રે કારકિર્દી બનાવવા માટે પ્રેરિત કરે છે. આ ઉપરાંત, ૮ એકરના વિશાળ વિસ્તારમાં ફેલાયેલો નેચર પાર્ક, સ્થાનિક વનસ્પતિઓ, બટરફ્લાય ગાર્ડન અને વિવિધ ઈકોસિસ્ટમ મોડેલ્સ દ્વારા જૈવવિવિધતા અને પર્યાવરણ સંરક્ષણનું મહત્વ સમજાવે છે. આ નવાં ઉમેરણોએ સાયન્સ સિટીને એક પૂર્ણ વૈજ્ઞાનિક અને શૈક્ષણિક પ્રવાસન સ્થળ તરીકે પ્રસ્થાપિત કર્યું છે.

ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને, હાલમાં ત્રણ અત્યંત મહત્વપૂર્ણ ગેલેરીઓ – બ્રહ્માંડના રહસ્યો ખોલતી ‘એસ્ટ્રોનોમી એન્ડ સ્પેસ સાયન્સ ગેલેરી’; માનવ શરીર અને જીવવિજ્ઞાનની ગહન સમજ આપતી ‘હ્યુમન એન્ડ બાયલોજીકલ સાયન્સ ગેલેરી’ અને ડિજિટલ ટેકનોલોજીની ક્રાંતિ દર્શાવતી ‘અનલિશીંગ ધ ડિજિટલ ફ્યુચર ગેલેરી’ નું નિર્માણકાર્ય તેજ ગતિએ ચાલી રહ્યું છે. સાયન્સ સિટીની સફળતા માત્ર તેના ભૌતિક આકર્ષણોમાં જ નથી, પરંતુ તેના શૈક્ષણિક અને સામાજિક પાસામાં પણ રહેલી છે. વર્ષ ૨૦૨૪ના આંકડા આ વાતની સાક્ષી પૂરે છે, જ્યારે ૨ લાખથી વધુ શાળા-કોલેજના વિદ્યાર્થીઓ સહિત કુલ ૧૨ લાખથી વધુ જિજ્ઞાસુ મુલાકાતીઓએ સાયન્સ સિટીની મુલાકાત લીધી હતી. આ એક વર્ષ દરમિયાન, વિજ્ઞાનનો પ્રચાર-પ્રસાર કરવા અને STEM (સાયન્સ, ટેકનોલોજી, એન્જિનિયરિંગ, મેથેમેટિક્સ) શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે ૧૨૦થી વધુ વિવિધ કાર્યક્રમો, સેમિનાર, વર્કશોપ અને સ્પર્ધાઓનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. શૈક્ષણિક સંસ્થાઓ અને ઉદ્યોગો સાથેનો સહયોગ સાયન્સ સિટીની કાર્યપ્રણાલીનો એક અભિન્ન ભાગ છે. આઈઆઈટી ગાંધીનગર અને માઈક્રોન જેવી અગ્રણી સંસ્થાઓના સહયોગથી ૯૦થી વધુ STEM વર્કશોપ્સનું આયોજન કરાયું છે, જેમાં ૧૨૫ શાળાઓના ૭૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ અને ૩૭૦થી વધુ શિક્ષકોને રોબોટિક્સ, કોડિંગ, 3D પ્રિન્ટીંગ, એસ્ટ્રોનોમી જેવા વિષયો પર તાલીમ અને પ્રાયોગિક જ્ઞાન મળ્યું છે. આ ઉપરાંત, ડિપાર્ટમેન્ટ ઓફ એટોમિક એનર્જી, ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ અને ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ જેવી રાષ્ટ્રીય સંસ્થાઓ પણ ગેલેરીઓના વિકાસ અને શૈક્ષણિક કાર્યક્રમોમાં પોતાનું અમૂલ્ય યોગદાન આપી રહી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ‘મન કી બાત’ જેવા રાષ્ટ્રીય મંચ પરથી અમદાવાદ સાયન્સ સિટીનો ઉલ્લેખ એ માત્ર ગુજરાત માટે જ નહીં, પરંતુ સમગ્ર દેશના વિજ્ઞાન શિક્ષણ અને સંચાર સાથે જોડાયેલા લોકો માટે ગૌરવ અને પ્રોત્સાહનની વાત છે. તે સાબિત કરે છે કે સાયન્સ સિટી તેના સ્થાપનાના ઉદ્દેશ્યોને સાર્થક કરતાં, ભારતના યુવાનોમાં વૈજ્ઞાનિક ચેતના જગાડવામાં અને તેમને ભવિષ્યના ઈનોવેટર્સ બનવા માટે પ્રેરિત કરવામાં સફળ રહ્યું છે. આ ઉલ્લેખ સાયન્સ સિટીની સમગ્ર ટીમને ભવિષ્યમાં વધુ ઉત્સાહ સાથે કાર્ય કરવા અને વિજ્ઞાનની જ્યોતને વધુ પ્રજ્વલિત કરવા માટે પ્રેરણા આપશે.

## તંત્રી સ્થાનેથી......

પર્યાવરણ સંરક્ષણ'ને વધુ પ્રોત્સાહન આપવાના હેતુ સાથે આગામી તા.૨૭ એપ્રિલ રવિવારના રોજ સવારે ૮:૦૦ થી સાંજના ૭:૦૦ કલાક સુધી ગાંધીનગર ટાઉનહોલ ખાતે રાજયકક્ષાના 'પર્યાવરણ સંરક્ષાણ એવોર્ડ-૨૦૨૫' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં રાજ્યના ૩૩ જિલ્લાના 'હું છું પર્યાવરણ સંરક્ષક' અભિયાનમાં સ્વયંભૂ રીતે જોડાઈને પ્રકૃતિના સંરક્ષણ-સંવર્ધન માટે વિશિષ્ટ યોગદાન આપનાર કુલ ૨,૫૨૫ પર્યાવરણપ્રેમી શિક્ષકોને શિલ્ડ અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવશે. રાજ્યભરના પર્યાવરણપ્રેમી શિક્ષકોને એવોર્ડથી સન્માનિત કરીને નવો કીર્તિમાન-રેકોર્ડ સ્થાપવામાં આવશે. માધવ ચેરિટેબલ ટ્રસ્ટ-કપડવંજ,બ્રહ્મસમાજ સેવા ટ્રસ્ટ-મહેસાણા, અનંતા એજ્યુકેશન કેમ્પસ અને વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ-સરગાસણ દ્વારા સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.જે અંતર્ગત સંસ્થાના આયોજકો,રાજ્ય કમિટી સભ્યો અને કાર્યક્રમમાં જોડાયેલ જિલ્લા સંયોજકો દ્વારા રાજ્યના પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના પર્યાવરણ સંરક્ષાણ ક્ષેત્રે કાર્ય કરી રહેલા શિક્ષકો તેમજ પર્યાવરણપ્રેમી મિત્રોની માહિતી તેમજ ફોટોગ્રાફ્સ એકત્ર કરીને કુલ ૨,૫૨૫ શિક્ષકોની પસંદગી કરવામાં આવી છે. રાજ્યમાં પર્યાવરણ સંરક્ષાણ અભિયાન અંતર્ગત સ્વચ્છતા, પ્રદૂષણ નિવારણ, જળસંચય, પ્લાસ્ટિક મુક્તિ, ઊર્જા બચત, જમીન સુધારણા જેવા વિવિધ પ્રકલ્પોને વેગ આપવા તથા સમાજમાં જાગૃતિ લાવવાના હેતુસર રાજ્યના સૌથી મોટા અને વિશિષ્ટતા ધરાવતા 'પર્યાવરણ સંરક્ષાણ એવોર્ડ-૨૦૨૫' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

# વલસાડ જિલ્લા પ્રભારીમંત્રીશ્રી મુકેશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને જિલ્લા આયોજન મંડળની બેઠક મળી

### જિલ્લાના છ તાલુકા અને પાંચ પાલિકામાં પ્રજાલક્ષી વિકાસના ૪૯૨ કામો માટે કુલ રૂ. ૮૭૫ લાખની જોગવાઈ



કમલમ્,વલસાડ

વલસાડ જિલ્લા આયોજન મંડળની બેઠક તા. ૨૫ એપ્રિલના રોજ જિલ્લા પ્રભારી મંત્રીશ્રી અને રાજ્ય કક્ષાના વન અને પર્યાવરણ, કલાઈમેટ ચેન્જ, જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રીશ્રી મુકેશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને અને જિલ્લા કલેકટરશ્રી ભવ્ય વર્મા અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી અતિરાગ ચપલોતની ઉપસ્થિતિમાં મળી હતી. જેમાં વલસાડ જિલ્લાના ૬ તાલુકામાં વિવિધ વિકાસલક્ષી કુલ ૪૯૨ કામો માટે ૧૫ ટકા વિવેકાધીન જોગવાઈ માટે રૂ. ૭૫૦ લાખ અને પાંચ ટકા પ્રોત્સાહક જોગવાઈ માટે રૂ. ૨૫ લાખ જયારે જિલ્લાની પાંચ નગરપાલિકા માટે રૂ. ૧૦૦ લાખની જોગવાઈ કરવામાં આવી હતી. મંત્રીશ્રીએ તમામ અધિકારીઓને બાકી કામો સત્વરે પૂર્ણ કરવા તાકીદ કરી હતી. ૧૫ ટકા વિવેકાધીન જોગવાઈ અને પાંચ ટકા પ્રોત્સાહક જોગવાઈ હેઠળ વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકા માટે અનુક્રમે ૯૩ કામો માટે રૂ. ૧૪૭.૫૦ લાખ અને ૧ કામ માટે રૂ. ૨.૫૦ લાખ, કપરાડા માટે ૧૧૭ કામ માટે રૂ. ૧૪૭.૫૦ લાખ અને એક કામ માટે રૂ. ૨.૫૦ લાખ, પારડી તાલુકામાં ૮૪ કામ માટે રૂ. ૧૧૭.૫૦ લાખ અને બે કામ માટે રૂ. ૭.૫૦ લાખ, ઉમરગામમાં ૬૯ કામ માટે રૂ. ૧૨૨.૫૦ લાખ અને ૩ કામ માટે રૂ. ૨.૫૦ લાખ, વાપી તાલુકામાં ૩૩ કામ માટે રૂ. ૯૭.૫૦ લાખ અને ૧ કામ માટે રૂ. ૨.૫૦ લાખ તેમજ વલસાડ તાલુકામાં ૭૫ કામ માટે માટે રૂ. ૧૧૭.૫૦ લાખ અને ૪ કામ માટે રૂ. ૭.૫૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે. જેમાં ગ્રામ્ય વિસ્તારમાં ડામર રસ્તા, પેવર બ્લોક રસ્તા, સીસી રસ્તા, પ્રાથમિક શિક્ષણ, પોષણ, પાણી પુરવઠા, ગ્રામ્ય વીજળીકરણ, ગંદા-વસવાટોની વાતાવરણલક્ષી સુધારણા અને સ્થાનિક વિકાસના કામોનો સમાવેશ કરાયો છે.

જિલ્લાની પાંચ પાલિકા વાપી, વલસાડ, પારડી, ઉમરગામ અને ધરમપુર વિસ્તારમાં વિકાસના કામો માટે નગરપાલિકા વિવેકાધીન જોગવાઈ હેઠળ કુલ ૯ કામો માટે કુલ રૂ. ૧૦૦ લાખની જોગવાઈ કરાઈ છે. બેઠકમાં વર્ષ ૨૦૨૫-૨૬નું આયોજન મંજૂર કરાયું હતું. ખાસ પ્લાન (બક્ષી પંચ) યોજના હેઠળ વર્ષ ૨૦૨૫-૨૬ માટે રૂ. ૫ લાખના કામોની દરખાસ્ત મંજૂર કરાઈ હતી. વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ પાછલા ચાર વર્ષમાં મંજૂર કરવામાં આવેલા કામોની સમીક્ષા કરવામાં આવી હતી. જેમાં બાકી કામો તેમજ પ્રગતિ હેઠળના કામો અંગે સમીક્ષા કરી તમામ કામો સત્વરે પૂર્ણ કરવા માટે મંત્રીશ્રીએ અમલીકરણ અધિકારીઓને તાકીદ કરી હતી. ધરમપુરના ધારાસભ્યશ્રી અરવિંદભાઈ પટેલે તમામ ગામોનો વિકાસ થાય તે મુજબ આયોજન કરવા સૂચન કર્યુ હતું. ઉમરગામના ધારાસભ્યશ્રી રમણલાલ પાટકરે ઉનાળામાં પાણીની તંગી માટે જે ગામોમાં સમસ્યા છે તેના પર ધ્યાન કેન્દ્રિત કરી લોકોને પીવાનું પાણી મળી રહે તેવું આયોજન કરવા જણાવ્યું હતું.કલેકટરશ્રીએ દરેક તાલુકામાં બાકી રહેલા કામો અંગે રિવ્યુ મીટિંગ કરવા સૂચન કર્યુ હતું. બેઠકમાં જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી મનહરભાઈ પટેલ, વલસાડના ધારાસભ્યશ્રી ભરતભાઈ પટેલ, જિલ્લા પંચાયતની સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષા મિનાક્ષીબેન ગાંગોડા, જિલ્લાની વિવિધ તાલુકા પંચાયતોના સર્વ પ્રમુખશ્રીઓ, નગરપાલિકાના પ્રમુખશ્રીઓ, નિવાસી અધિક કલેકટર શ્રીમતી અનસૂયા જહા, ઉત્તર વન વિભાગના નાયબ વન સરંક્ષક લોકેશ ભારદ્વાજ, દક્ષિણ વન વિભાગના નાયબ વન સરંક્ષક ઋષિરાજ પુવાર, વલસાડ પ્રાંત અધિકારી વિમલ પટેલ અને જિલ્લા આયોજન અધિકારી ભરત પટેલ સહિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સ્પેક, એન્જિનિયરિંગમાં ઈલેક્ટ્રીકલ વિભાગ અંતર્ગત એક્સપર્ટ લેક્ચર યોજાયો



કમલમ્,

તિરૂપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત સરદાર પટેલ એજ્યુકેશન કૅમ્પસ સ્થિત સરદાર પટેલ કોલેજ ઓફ એન્જિનિયરિંગમાં ઈલેકટ્રીકલ વિભાગ અંતર્ગત "સ્પેશિઅલ પરપઝ ડાયોડ" પર એક્સપર્ટ લેક્ચરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વકતા તરીકે મીસીસ. મનાલી જોશી (ઈલેક્ટ્રોનિક્સ વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી) ઉપસ્થિત રહ્યા હતા. આ એક્સપર્ટ લેક્ચરમાં બીજા સેમેસ્ટરના કમ્પ્યુટર સાયન્સ, કમ્પ્યુટર અને મિકેનિકલ વિભાગના વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિધાર્થીઓને ડાયોડ ટેક્નોલોજી વિશેની માહિતી પુરી પાડવાનો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ઈલેકટ્રીકલ વિભાગના વડા પ્રો. પ્રિયંકા પટેલ અને તમામ સ્ટાફ દ્વારા મહત્વપૂર્ણ યોગદાન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું આયોજન કરવા બદલ સંસ્થાના આઈ.ક્યૂ.એ.સી કોર્ડીનેટર પ્રો. જય પટેલ, વાઈસ પ્રિન્સિપાલ ડો. ઋત્વિજ જોશી, આચાયશ્રી ડો. નાનક પમનાણી અને કોલેજ પરિવારે અભિનંદન પાઠવ્યા હતા. આ કાર્યક્રમના સફળ આયોજન માટે સંસ્થાના ચેરમેન શ્રી ગિરીશ પટેલ, સેક્રેટરી શ્રી શિતલ પટેલ તેમજ ટ્રસ્ટીશ્રીઓ જૈમિન પટેલ, ધર્મેશ પટેલ, વિકાસ પટેલ, બ્રિજેશ પટેલ, ભાવિન પટેલ દ્વારા સૌને અભિનંદન પાઠવ્યા હતા.

## ભુજનું રામ દરબાર છાશ કેન્દ્ર: ખારા રણમાં મીઠી વીરડી સમાન



કમલમ્,

ભુજના ઐતિહાસિક હમીરસર તળાવના કાંઠે આવેલ અખંડ રામધૂન સંકિર્તન મંડળ (રામ દરબાર) દ્વારા સંચાલિત છાશ કેન્દ્ર ઉનાળાના ધોમધખતા તાપમાં રાહદારીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહ્યું છે. નિઃસ્વાર્થ ભાવે પ્રેમથી અમૃત સમાન ઠંડી છાશ પીવડાવવાની આ પહેલ ખરેખર ખારા રણમાં મીઠી વીરડી સમાન છે. તરસ અને ગરમીથી વ્યાકુળ રાહદારીઓ માટે આ ઠંડી છાશ માત્ર કલેજાને ટાઢક જ નથી પહોંચાડતી, પરંતુ તેમનામાં નવી ઉર્જાનો સંચાર પણ કરે છે. આવી નિઃસ્વાર્થ સેવા કરતી સંસ્થાઓ અને તેમના સ્વયંસેવકો ખરેખર સમાજ માટે પ્રેરણારૂપ છે. જ્યારે કેટલાક શહેરોમાં તો માત્ર પ્રસિદ્ધિ માટે પાણીના પરબ શરૂ કરવામાં આવે છે અને ચાલીસ લોકોના નામ પ્રસિધ્ધ કરાવવાનો આગ્રહ રાખવામાં આવે છે ત્યારે રામ દરબાર કોઈપણ પ્રકારના દેખાડા વિના વર્ષોથી નિરંતર સેવા કરી રહ્યું છે, જે ખરેખર પ્રશંસનીય છે. આ ઉપરાંત, રામ દરબાર દ્વારા સંચાલિત રામરોટી કેન્દ્ર જરૂરિયાતમંદ લોકોને માત્ર ૨૦ રૂપિયાના ટોકન દરે પોષણયુક્ત ભોજન પણ પૂરું પાડે છે. આ સેવા ગરીબ અને જરૂરિયાતમંદ લોકો માટે અત્યંત ઉપયોગી છે.

# "મન કી બાત" – દરેક નાગરિક અને કાર્યકર્તામાં નવી ચેતના જગાવતો સંવાદ



કમલમ્,

દર મહિનાના અંતિમ રવિવારે આવતી વારંવારની પરંપરાગત પ્રેરણાની કડી તરીકે, આજના દિવસે દેશના આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ "મન કી બાત" કાર્યક્રમની ૧૧૨મી કડી દ્વારા જનતાને સંબોધન કર્યુ. આ રાષ્ટ્રહિતૈષી સંવાદ શ્રી હનુમાનજી મંદિર, કરાંઠા ખાતે નિહાળવામાં આવ્યો, જ્યાં મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા. આ પ્રસંગેજિલ્લા ભાજપા પ્રમુખ નીલકુમાર રાવ નાંદોદ મંડલ ભાજપના પ્રમુખ શ્રી જતીનભાઈ પટેલ, મહામંત્રી શ્રી સુનિલસિંહ ગોહિલ, જિલ્લા પંચાયત સદસ્ય શ્રી કિરણભાઈ વસાવા તથા સામાજિક આગેવાન શ્રી મુકેશભાઈ પટેલ સહિત અનેક આગેવાનો અને કાર્યકર્તાઓ હાજર રહ્યા. પ્રધાનમંત્રીએ પોતાના સંદેશમાં યુવાનોને નવી તકો શોધવા અને રાષ્ટ્રીય વિકાસ માટે સક્રિય યોગદાન આપવા પ્રેરણા આપી. આયુષ્માન ભારત સહિત આરોગ્ય ક્ષેત્રે થયેલી સિદ્ધિઓનું પણ વડાપ્રધાને વિશેષ ઉલ્લેખ કર્યો અને ગ્રામ્ય વિસ્તારોમાં આરોગ્ય સેવાઓ વિસ્તૃત કરવાનો સંકલ્પ પુનરાવૃત્ત કર્યો. વડાપ્રધાને પર્યાવરણ સંરક્ષાણ માટે પણ લોકોમાં જાગૃતિ લાવતાં આવનારા વર્લ્ડ એનવાયર્નમેન્ટ ડે માટે વૃક્ષારોપણ અને પાણી બચાવવાના સંકલ્પ તરફ આગળ વધવાનો આગ્રહ કર્યો. વિશેષ રીતે, વડાપ્રધાને જણાવ્યું કે "મન કી બાત" કાર્યક્રમ હંમેશા રાજકારણથી પર છે અને તેનું મુખ્ય લક્ષ્ય દેશના વિકાસ માટે નાગરિકોમાં સામૂહિક જવાબદારીની ભાવના ઉભી કરવી છે. કાર્યક્રમના અંતે, વડાપ્રધાને તમામ દેશવાસીઓને તેમના સતત શ્રમ અને સમર્પણ માટે આભાર વ્યક્ત કર્યો અને રાષ્ટ્રીય એકતા અને સમૃદ્ધિના માર્ગે આગળ વધવાનો સંદેશ આપ્યો.

# મોરબીમાં મચ્છરનો ઉપદ્રવ ઘટાડ્યા વર્ષ દરમિયાન ૧૪૬૪ કાયમી જળ સ્ત્રોત પર પોરાભક્ષક માછલીઓ મૂકાઈ

### મેલેરીયાની તપાસ માટે ૨.૮૫ લાખ લોહીના નમૂના લેવાયા; હાઈ રિસ્કના ૧૪ ગામડાઓમાં કરાયો દવાનો છંટકાવ





## સમગ્ર વર્ષમાં ગ્રામીણ/શહેરી વિસ્તારમાં ૬૨ લાખથી વધુ ઘર વપરાશના પાણીના પાત્રોને એબેટ સારવારથી રક્ષિત કરાયા

કમલમ્,

૨૫ એપ્રિલ એટલે વિશ્વ મેલેરિયા દિવસ, જે દિવસની ઉજવણીનો મુખ્ય હેતુ મેલેરિયા રોગના અસરકારક નિયંત્રણ માટે જનજાગૃતિ કેળવી જનસમુદાયની સક્રિય ભાગીદારી મેળવવાનો છે. આ વર્ષે મેલેરિયા દિવસની થીમ **Malaria Ends With Us: Reinvest, Reimagine,Reignite** રાખવામાં આવી છે. મેલેરિયા અંગે જાગૃતિના પ્રયાસો જે આમ જોઈએ તો ફક્ત એક દિવસ પૂરતા નહીં પરંતુ સમગ્ર વર્ષ દરમિયાન ચાલતી પ્રક્રિયા છે. સરકાર દ્વારા મેલેરીયા સહિતના મચ્છરજન્ય રોગ બાબતે યોગ્ય તકેદારી રાખવામાં આવે છે ઉપરાંત લોકજાગૃતિ માટે પણ અનેકવિધ પ્રયાસો કરવામાં આવે છે. સરકારના આરોગ્ય વિભાગ હેઠળ મોરબી જિલ્લામાં આરોગ્ય શાખા દ્વારા વર્ષ દરમિયાન મેલેરિયા નિયંત્રણ અને જાગૃતિ માટે અનેકવિધ પ્રયાસો કરવામાં આવે છે. મોરબી મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો. પવનકુમાર શ્રીવાસ્તવે મેલેરિયા દિવસની ઉજવણી અન્વયે જણાવ્યું હતું કે, જિલ્લામાં લોકજાગૃતિ માટે તમામ આરોગ્ય કેન્દ્ર પર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. લોકોને પત્રિકા, બેનર પ્રદર્શન તેમજ રંગોળી દ્વારા મેલેરિયા અંગે જાગૃત કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ઉપરાંત મેલેરિયાના મચ્છરનો ઉપદ્રવ ઘટાડવા માટે પણ સમૂહ ચર્ચા, શહેરી-મહોલ્લા મીટીંગ તેમજ ગામડાઓની મુલાકાત સહિતના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. મેલેરિયા એલીમીનેશન લક્ષ્યાંકને હાંસલ કરવા માટે સરકારશ્રી દ્વારા બહાર પાડવામાં આવેલ નેશનલ સ્ટ્રેટેજીક પ્લાન અનુસાર જિલ્લા આરોગ્ય શાખા દ્વારા મેલેરિયા કેસની જાણકારી, ઈન્વેસ્ટિગેશન અને ફોલોઅપ સહિતની કામગીરી કરવામાં આવે છે. ગત વર્ષે મોરબી જિલ્લામાં ૨,૮૫,૩૭૮ જેટલા મેલેરિયાની તપાસ માટે લોહીના નમુના લેવામાં આવ્યા હતા અને તેની તપાસ કરવામાં આવી હતી. જેમાંથી ૬૯ જેટલા કેસ પોઝિટિવ આવતા તમામની સઘન સારવાર કરવામાં આવી હતી. સમગ્ર જિલ્લામાં ગત વર્ષે ૩ વખત અભિયાન સ્વરૂપે સઘન સર્વેલન્સ હેઠળ એબેટ સારવાર, પોરાનાશક કામગીરી, ઘર મુલાકાત તથા જનજાગૃતિ સહિતની કામગીરી કરવામાં આવી હતી. મેલેરિયાના મચ્છરોનો ઉપદ્રવ ન વધે અને લોકોમાં પણ આ બાબતે જાગૃતિ આવે તે માટે પણ વર્ષ દરમિયાન વિવિધ કામગીરી કરવામાં આવી હતી. જેની વાત કરીએ તો આરોગ્ય કર્મીઓ અને આશાવર્કર બહેનો દ્વારા ગામડે ગામડે જઈ ત્યાં ઘરોની મુલાકાત લઈ ઘરેલુ વપરાશ માટે ઉપયોગમાં લેવાતા વાસણો કે જેમાં પાણી ભરવામાં આવતું હોય કે ભરાયેલું રહેતું હોય ત્યાં એબેટ સારવાર કરવામાં આવતી હોય છે. જેના ભાગરૂપે ગત વર્ષે મોરબી તાલુકામાં વર્ષ દરમિયાન ૧૯ લાખ પાત્રો, માળીયા તાલુકામાં ૩ લાખ પાત્રો, વાંકાનેર તાલુકામાં ૧૬ લાખ પાત્રો, ટંકારા તાલુકામાં ૬.૨૫ લાખ પાત્રો અને હળવદ તાલુકામાં ૬.૯ લાખ પાત્રો તથા શહેરી વિસ્તારના ૧૧ લાખથી વધુ પાત્ર મળી જિલ્લામાં કુલ ૬૨ લાખથી વધુ પાત્રોને એબેટ સારવારથી રક્ષિત કરવામાં આવ્યા હતા. મચ્છરના ઉત્પત્તિ સ્થાનોને ધ્યાનમાં રાખી જિલ્લાના એવા પાણીના સ્ત્રોત કે જયાં કાયમી પાણી ભરાયેલું રહેતું હોય તેવી કુલ ૧,૪૬૪ જગ્યાઓ પર મચ્છર પોરાભક્ષક ગપ્પી અને ગંબુસીયા નામની માછલીઓ મૂકવામાં આવી હતી. જે ગામોમાં મેલેરીના કેસો વધારે નોંધાતા હોય કે નોંધાય એમ હોય તેવા સંભવિત ગામોને કેન્દ્રમાં રાખી દવા છંટકાવ કરવામાં આવે છે. જેના ભાગરૂપે ગત વર્ષે હાઈ રિસ્કના ૧૪ ગામડાઓના ૪,૬૪૦ ઘરોમાં વર્ષમાં બે વખત દવા છંટકાવ કરવામાં આવી હતી, જેના હેઠળ ૨૪, ૪૦૯ જેટલી વસ્તીને આવરી લેવામાં આવી હતી. ઉપરાંત જનજાગૃતિ માટે પત્રિકા વિતરણ, બેનર, જૂથ ચર્ચા, શિબિર તેમજ સોશિયલ મીડિયાના વિવિધ માધ્યમોનો મહત્તમ ઉપયોગ કરવામાં આવે છે. ઉપરાંત દર વર્ષે જૂન માસને મેલેરિયા વિરોધી માસ તરીકે પણ ઉજવવામાં આવે છે.

# વન અને પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલના હસ્તે રૂ.૨૪.૮૯ કરોડના ખર્ચે મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ ઓલપાડ તાલુકાના વિવિધ ગામોને જોડતા ૧૮ રસ્તાના કામોનું ખાતમુહૂર્ત

## રાજ્યમાં શહેરોની સમાંતર વિકાસ કાર્યોથી ગામડાઓ પણ સમૃદ્ધ બન્યા છે.વન મંત્રી મુકેશભાઈ પટેલ






## દાંડી, નધોઇ, કીમ, પારડી, વડોલી, ઉરાછી, કુંડળ, માસમા, ઓરમા, ઈચ્છાપોર, જીનોદ, દેલાસા, હાથીસા, પારડી, મીઢી, અંભેતા, પીંજરત, અછાણ, દેલાડ, સિંથણા ગામોના રોડ રસ્તાના કામોનું ખાતમુહૂર્તઃ ગ્રામ્ય વિસ્તારોમાં રોડ કનેક્ટિવિટી સુગમ થશે

કમલમ્,સુરત

રાજ્યના માર્ગ અને મકાન વિભાગ દ્વારા માસમા ગામ ખાતે આયોજીત કાર્યક્રમમાં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ ઓલપાડ તાલુકાના વિવિધ ગામોને જોડતા કુલ રૂ.૨૪.૮૯ કરોડના ૧૮ રોડ રસ્તાના કામોનું ખાતમુહૂર્ત વન અને પર્યાવરણ રાજ્યમંત્રીશ્રી મુકેશભાઈ પટેલના હસ્તે કરાયું હતું. આ અવસરે સાંસદશ્રી મુકેશભાઈ દલાલ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ અવસરે મંત્રીશ્રીએ ઓલપાડ તાલુકાના દાંડી, નધોઈ, કીમ, પારડી, વડોલી, ઉરાછી, કુંડળ, માસમા, ઓરમા, ઈચ્છાપોર, જીનોદ, દેલાસા, હાથીસા, પારડી, મીઢી, અંભેતા, પીંજરત, અછાણ, દેલાડ, સિંથણા ગામોના રોડરસ્તાના કાર્યોનું ખાતમુહૂર્ત કર્યું હતું,

જેમાં રૂ.૧.૫૫ કરોડના ખર્ચે દાંડી બ્રિજ રોડ, રૂ.૭૦ લાખના ખર્ચે નધોઈથી જોઈનીંગ નધોઈ મીઢી રોડ, રૂ.૯૫ લાખના ખર્ચે ઓલપાડ કીમ થી કડોદરા સુધીનો રસ્તો, રૂ.૧.૪૦ કરોડના ખર્ચે પારડી થી વડોલી નવાગામ અણીતા રોડને જોડતો રસ્તો, રૂ.૧.૬૦ કરોડના ખર્ચે ઉરાછી થી કુડળ વગા થઈ બોલવને જોડતો રસ્તો, રૂ.૪ કરોડના ખર્ચે માસમા ઓરમા રોડ, રૂ.૧.૩૨ કરોડના ખર્ચે ઈશનપોર એપ્રોચ રોડ,રૂ.૧.૩૦ કરોડના ખર્ચે જીનોદ એપ્રોચ રોડ,રૂ.૧.૨૦ કરોડના ખર્ચે દેલાસા એપ્રોચ, રૂ.૯૦ લાખના ખર્ચે ઓલપાડ હાથીસા, રૂ.૧.૭૫ કરોડના ખર્ચે પારડી ઝાંખરી,કામરોલી, રૂ.૭૦ લાખના ખર્ચે મીઢી એપ્રોચ રોડ, રૂ.૫૦ લાખના ખર્ચે અંભેતા એપ્રોચ રોડ, રૂ.૨.૧૨ કરોડના ખર્ચે ઓરમા કાસલા વેલુક રોડ, રૂ.૫૫ લાખના ખર્ચે પીંજરત ડભારી સુધી, રૂ.૨.૫૦ કરોડના ખર્ચે અછારણ સિંયાણ રોડ જોઈ.અટોદરા રસ્તો, રૂ.૫૦ લાખના ખર્ચે દેલાડ સિવાણ ભારુંડી ઓભલા કાછબ રસ્તો, રૂ.૧.૩૫ કરોડના ખર્ચે સિથાણા કુંકણી મળી કુલ રૂ.૨૪.૮૯ કરોડના રસ્તાના કામોનો સમાવેશ થાય છે.

આ પ્રસંગે વનમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્યના તમામ વિસ્તારોમાં જ્યાં નજર કરીએ ત્યાં વિકાસ કાર્યો નજરે પડે છે. રાજ્યમાં શહેરોની સાથે સાથે હવે ગ્રામ્ય વિસ્તારો પણ સર્વાંગી વિકાસથી સમૃદ્ધ બન્યા છે. ઓલપાડનો માસમા વિસ્તાર ‘મિની સૌરાષ્ટ્ર’ તરીકે વિકસી રહ્યો છે. અહીં બિલ્ડરો દ્વારા ઓછી કિંમતે આધુનિક સુવિધાઓથી સજ્જ મકાનો બનાવવામાં આવી રહ્યા છે, જેના પરિણામે મોટી સંખ્યામાં મધ્યવર્ગીય પરિવારોએ આ વિસ્તારમાં વસવાટ કરવાનું પસંદ કર્યું છે.ત્યારે વસ્તી વૃદ્ધિને અનુરૂપ વિકાસની વિવિધ માંગણીઓ પણ ઊભી થઈ છે, જેને સરકાર દ્વારા યોગ્ય આયોજન સાથે પુરી કરવામાં આવી રહી છે. આ વિસ્તારમાં વિકાસ સાથે પ્રાથમિક જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. રોડ રસ્તાઓની ટકાઉપણું જળવાઈ રહે તે માટે આર.સી.સી. માર્ગોનું નિર્માણ કરવામાં આવશે. પીવાના પાણીની સમસ્યાનું કાયમી નિવારણ લાવવા માટે પણ વધુ સુવિધાઓ ઉભી કરવામાં આવી રહી છે. વધુમાં તેમણે જણાવ્યું કે, ઓલપાડ તાલુકામાં ભવિષ્યમાં પાણીની અછતનો સામનો ન કરવો પડે અને ભૂગર્ભજળનું સ્તર જળવાઈ રહે તે હેતુથી ૧૦,૦૦૦થી વધુ વોટર હાર્વેસ્ટિંગના કામો કરવામાં આવી રહ્યા છે.

આ સાથે તેમણે ઓલપાડ તાલુકામાં સોસાયટીઓ વિકસાવતા બિલ્ડરોને પણ તેમના પ્રોજેકટમાં વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ લગાવવાની અપીલ કરી હતી. તેમજ આ વિસ્તારોમાં સ્વચ્છતા જળવાઈ રહે તે માટે પણ જાગૃતિ અને આયોજનની જરૂરિયાત ઉપર ભાર મુક્યો હતો.” આ પ્રસંગે તા.પંચાયત પ્રમુખ નિતાબેન પટેલ, તા.પં. ઉપપ્રમુખ કિરણભાઈ પટેલ, કારોબારી અધ્યક્ષાશ્રી જયેશભાઈ પટેલ, અગ્રણીઓ કુલદીપ ઠાકોર,બ્રિજેશ પટેલ, નાયબ કાર્યપાલક ઈજનેર અમિતા પટેલ, વિવિધ વિભાગના અધિકારીઓ, વિદ્યાર્થીઓ, સંગઠન હોદ્દેદારો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## ગુજરાતનું સુદ્રઢ પશુ આરોગ્ય માળખું બન્યું દૂધ ઉત્પાદનમાં વૃદ્ધિનો આધારસ્તંભ

કમલમ્,

ભારત દેશ આજે દૂધ ઉત્પાદન અને ડેરી વિકાસ ક્ષેત્રે સમગ્ર વિશ્વમાં સર્વપ્રથમ છે. તેવી જ રીતે, ગુજરાત રાજ્ય પણ દેશના કુલ દૂધ ઉત્પાદનમાં મહત્વપૂર્ણ ફાળા સાથે પ્રથમ હરોળના રાજ્ય પૈકીનું એક છે. દૂધ ઉત્પાદનમાં વૃદ્ધિ મેળવવા માટે સારી નસલના પશુ, પશુઓનું સારું સ્વાસ્થ્ય અને સરકારની ઉત્તમ પશુ આરોગ્ય સેવાઓની મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. એટલા માટે જ, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા, ત્યારથી જ તેમણે રાજ્યમાં પશુ સ્વાસ્થ્ય સેવાઓ વિકસાવવાનો મક્કમ નિર્ધાર કર્યો હતો. જેના પરિણામ સ્વરૂપે આજે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તેમજ પશુપાલન મંત્રી શ્રી રાઘવજી પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાતમાં પશુઓને ગુણવત્તાયુક્ત અને ઉત્તમ પશુ આરોગ્ય સેવાઓ પ્રદાન કરવા માટે પશુ સ્વાસ્થ્ય સેવાનું સુદ્રઢ માળખું ઉભું થયું છે.

રાજ્યમાં કુલ ૯૨૯ પશુ દવાખાના કાર્યરત

ગુજરાતના મહામૂલા પશુધન માટે રાજ્યમાં કુલ ૯૨૯ જિલ્લા પંચાયત સંચાલિત પશુ દવાખાના, ૫૫૨ જિલ્લા પંચાયત સંચાલિત પ્રાથમિક પશુ સારવાર કેન્દ્ર, ૪૬૦ જેટલા ફરતા પશુ દવાખાના, ૧૨૭ કેન્દ્ર પુરુસ્કૃત ફરતા પશુ દવાખાના, ૩૪ વિવિધલક્ષી પશુ ચિકિત્સાલય અને ૨૧ પશુ રોગ અન્વેષણ એકમો કાર્યરત છે. આ સુદ્રઢ પશુ આરોગ્ય માળખાના માધ્યમથી રાજ્યની પોણા ત્રણ કરોડ જેટલી પશુ સંપદાને આરોગ્ય રક્ષા કવચ પુરૂં પાડીને રાજ્ય સરકાર ‘દરેક જીવને અભયદાન‘નો મંત્ર ખરા અર્થમાં સાર્થક કરી રહી છે.

સરકારી સેવામાં ૬૫૦ પશુ ચિકિત્સકો ઉપલબ્ધ

એટલું જ નહિ, પશુઓને સારવાર, રસીકરણ અને કૃમિનાશક દવાઓ જેવી આવશ્યક આરોગ્ય સેવાઓ તેમજ પશુઓના પ્રજનન, વ્યંધત્વ નિવારણ અને પોષણ સંબંધિત માર્ગદર્શન આપવા માટે ગુજરાતમાં અત્યારે પશુઓની ચિકિત્સા માટે કુલ ૪,૨૭૬ ચિકિત્સકો (વેટરિનેરિયન) નોંધાયેલ છે. જેમાંથી ૬૫૦ ચિકિત્સકો સરકારી સેવાઓ હેઠળ, ૯૫૦ ચિકિત્સકો વિવિધ ડેરી સંઘોમાં, ૫૦૦થી વધુ ચિકિત્સકો GVK-EMRIની સેવાઓમાં, ૩૫૦ ચિકિત્સકો યુનિવર્સિટીઓમાં, ૮૦૦થી વધુ ચિકિત્સકો પ્રાઈવેટ સેકટરમાં તેમજ ૧,૦૦૦ થી વધુ ચિકિત્સકો બેંક/ઈન્સ્યુરન્સ/ફાર્મા જેવા અન્ય સેકટરમાં કાર્યરત છે.

પશુ આરોગ્ય સેવાને બીરદાવવાનો અનેરો દિવસ

પશુ આરોગ્ય ક્ષેત્રમાં પશુ ચિકિત્સકોના યોગદાનને બિરદાવવા માટે વર્ષ ૨૦૦૦થી દર વર્ષે એપ્રિલ મહિનાના છેલ્લા શનિવારને “વિશ્વ પશુ ચિકિત્સા દિવસ” તરીકે ઉજવવામાં આવે છે. આવતીકાલ તા. ૨૬ એપ્રિલ,૨૦૨૫ના રોજ "એનિમલ હેલ્થ ટેક્સ અ ટીમ"ની થીમ પર પશુ ચિકિત્સા દિવસ ઉજવવામાં આવશે, જે પશુઓના સ્વાસ્થ્યની જાળવણી માટે પશુપાલકો, પશુનિષ્ણાતો, પોષણવિદો, આરોગ્ય કર્મચારીઓ અને સમુદાયના સહિયારા પ્રયાસોના મહત્વને ઉજાગર કરશે.

રાજ્યમાં દૂધની માથાદીઠ ઉપલબ્ધતા ૭૦૦ ગ્રામ/દિન

છેલ્લા બે દાયકા દરમિયાન ગુજરાતમાં વિકસેલા સુદ્રઢ પશુ આરોગ્ય માળખાને પરિણામે આ સમયગાળામાં રાજ્યના દૂધ ઉત્પાદનમાં ૧૧૮.૯૧ લાખ મેટ્રિક ટનનો અભૂતપૂર્વ વધારા સાથે ગુજરાત દૂધ ઉત્પાદનમાં દેશમાં ચોથા સ્થાને પહોંચ્યું છે. આ બે દાયકા દરમિયાન રાજ્યના દૂધ ઉત્પાદનમાં સરેરાશ ૯.૨૬ ટકાનો વાર્ષિક વધારો નોંધાયો છે. સાથે જ, રાજ્યમાં દૂધની માથાદીઠ ઉપલબ્ધતા પણ ૩૩૩ ગ્રામ પ્રતિ દિનથી વધીને અત્યારે ૭૦૦ ગ્રામ પ્રતિ દિન થઈ છે. દૂધ ઉત્પાદન, પશુપાલન અને ડેરી ઉદ્યોગ ક્ષેત્રે ગુજરાતને દેશના પ્રથમ હરોળ રાજ્યોમાં તેમજ ભારતને વિશ્વમાં પ્રથમ ક્રમે પહોંચાડવામાં પશુપાલકોની મહેનત ઉપરાંત પશુઓને સ્વસ્થ રાખતું સરકારનું સુદ્રઢ પશુ આરોગ્ય માળખાનું અને પશુ ચિકિત્સકોનું યોગદાન અમૂલ્ય રહ્યું છે. આજનો વિશ્વ પશુ ચિકિત્સા દિવસ એ તમામ પશુ ચિકિત્સકો અને તેમની ટીમના નિઃસ્વાર્થ સેવાભાવને બીરદાવવાનો અનેરો દિવસ છે.

### ખંભાત સેશન્સ કોર્ટનો ઐતિહાસિક ચુકાદોઃ

## ૭ વર્ષની બાળકી પર રેપ અને હત્યાના આરોપીને ડબલ ફાંસીની સજા

**આ ચુકાદો ગુજરાતના ન્યાયતંત્ર અને પોલીસ તંત્રની કાર્યક્ષમતા તેમજ રાજ્ય સરકારની ગુનાઓ સામે કડક કાર્યવાહીની પ્રતિબદ્ધતાનું પ્રતીક છેઃ મંત્રી શ્રી હર્ષ સંઘવી**



કમલમ્,

આણંદ જિલ્લાના ખંભાત રૂરલ પોલીસ સ્ટેશન હેઠળના કાણીસા ગામમાં તા.૨૮મી ઓક્ટોબર-૨૦૧૯ના રોજ ૭ વર્ષની નાની બાળકી પર રેપ અને હત્યા જેવો જઘન્ય ગુનો બન્યો હતો. આ ગુનામાં ૨૪ વર્ષિય આરોપી દડો ઉર્ફે અર્જુન અંબાલાલ ગોહેલ વિરુદ્ધ દોઢ મહિનામાં ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. આજે, ખંભાત સેશન્સ કોર્ટે આરોપી અર્જુન ગોહેલને પોક્સો એક્ટ તેમજ હત્યાના ગુનામાં દોષી ઠેરવી, ડબલ ફાંસીની સજા સંભળાવી છે. આ ચુકાદો ન્યાયની દિશામાં એક ઐતિહાસિક પગલું છે, જે પીડિતા અને તેના પરિવારને ન્યાય અપાવવા સાથે સમાજમાં આવા જઘન્ય ગુનાઓ સામે કડક સંદેશ આપે છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં અને ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ ગુજરાત સરકારે મહિલાઓ અને બાળકો પર થતા અત્યાચાર, શોષણ અને બળાત્કાર જેવા ગંભીર ગુનાઓ સામે ઝીરો ટોલરન્સની નીતિ અપનાવી છે. રાજ્ય સરકાર આવા ગુનેગારોને ટૂંકા સમયગાળામાં કડકમાં કડક સજા મળે તે માટે સતત પ્રયાસો કરી રહી છે. આ ચુકાદો ગુજરાતમાં આવા ગુનાઓને કોઈપણ રીતે સહન નહીં કરવામાં આવે તેવો સ્પષ્ટ સંદેશ આપે છે. ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ આ કેસમાં પીડિતા અને તેના પરિવારને ન્યાય અપાવવામાં બહુમૂલ્ય યોગદાન આપનાર તમામ પોલીસ કર્મચારીઓ-અધિકારીઓને અભિનંદન પાઠવ્યા છે. આ સાથે, તેમણે ન્યાયતંત્રનો આભાર માન્યો છે, જેમણે આ ગંભીર ગુનામાં ન્યાયની ઝડપી અને નિષ્પક્ષ પ્રક્રિયા દ્વારા ચુકાદો આપ્યો. આ ચુકાદો ગુજરાતના ન્યાયતંત્ર અને પોલીસ તંત્રની કાર્યક્ષમતા તેમજ રાજ્ય સરકારની ગુનાઓ સામે કડક કાર્યવાહીની પ્રતિબદ્ધતાનું પ્રતીક છે તેમ મંત્રી શ્રી હર્ષ સંઘવીએ કહ્યુ છે.

## મોરબીના ખરેડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે વિશ્વ મેલેરિયા દિવસની ઉજવણી કરાઈ

**મેલેરીયાના અંતની શરૂઆત મારા પ્રયત્નોથી; લોકોને મેલેરિયા નિવારણ અને નિયંત્રણ અંગે જાગૃત કરાયા**



કમલમ્,મોરબી,

મોરબી તાલુકાના ખરેડા પ્રાથામિક આરોગ્ય કેન્દ્ર ખાતે વિશ્વ મેલેરીયા દિવસ ઉજવણી કરવામા આવી હતી. મેલેરીયા નીવારણ અને નિયંત્રણમાં જન સમુદાયની ભાગીદારીને પ્રોત્સાહન આપવા અને મેલેરીયા મુકત વાતવારણ તરફ ગામના પ્રયાસોને મજબૂત બનાવવાના હેતુથી આ ઉજવણી કરવામાં આવી હતી. મેલેરીયાથી બચાવવા માટે તેમજ મચ્છર અને માણસ વચ્ચેનો સંપર્ક અટકાવવા માટેના વિવિધ પગલાઓ જેમ કે મચ્છરની ઉત્પત્તી કેવી રીતે અટકાવી શકાય તે માટે પાણીના પાત્રોને ઢાંકીને રાખવા તેમજ દર અઠવાડીયે તેની સફાઈ કરવી, જંતુનાષક દવાનો ઘરમાં છંટકાવ કરાવવો, દવાંયુક્ત મચ્છરદાનીનો ઉપયોગ કરવો, તાવ આવે તો તરત જ લોહીની તપાસ કરાવાવી

# વડનગરમાં સાંસ્કૃતિક શનિવાર થકી સ્થાનિક લોકો અને પ્રવાસીઓ વચ્ચે સમન્વય

## કાર્યક્રમમાં જોડાયેલા વિદ્યાર્થીઓ અને વિવિધ કલાકારોએ વડનગરના ઐતિહાસિક જળ સ્થાપત્યોની ટૂર કરી

કમલમ્,મહેસાણા,

વડનગર ખાતે ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા સાંસ્કૃતિક શનિવારનો એક વિશેષ કાર્યક્રમ યોજાયો હતો.જેનો મુખ્ય ઉદ્દેશ સ્થાનિક લોકો અને પ્રવાસીઓ વચ્ચે સાંસ્કૃતિક સેતુનું નિર્માણ કરવાનો છે. આ કાર્યક્રમમાં ગુજરાતના ફિલ્મ, ડ્રામા અને સંગીત ક્ષેત્રના ૪૦થી વધુ કલાકારો, વડનગર અને આસપાસના ૪૦ શિક્ષકો તેમજ ૪૫ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ કાર્યક્રમનું એક વિશેષ આકર્ષણ વડનગર નજીકના નાયક સમાજના ભવાઈ કલાકારો સાથેની ’ચાય પે ચર્ચા’ રહી હતી. આ



બેઠકમાં ભવાઈ કલાની ઉત્પત્તિ અને વર્તમાન સમયમાં આ કલાકારોની સ્થિતિ વિશે રસપ્રદ વાતચીત કરવામાં આવી, જેણે સહભાગીઓને આ પ્રાચીન લોકકલા વિશે જાણકારી મેળવવાની તક આપી હતી. આ ઉપરાંત, કાર્યક્રમમાં જોડાયેલા વિદ્યાર્થીઓ અને વિવિધ કલાકારોએ વડનગરના ઐતિહાસિક જળ સ્થાપત્યોની ટૂર કરી હતી. તેઓએ વાવ, કુંડ અને તળાવોની મુલાકાત લીધી અને આ સ્થાપત્યોના ઐતિહાસિક અને સ્થાપત્ય કલાના મહત્વ વિશે ઊંડાણપૂર્વક માહિતી મેળવી હતી. આજના આ વિશેષ સાંસ્કૃતિક સમાગમમાં ઉપસ્થિત વિવિધ કલાકારોએ પોતાની કલાની પ્રસ્તુતિ પણ રજૂ કરી, જેનાથી કાર્યક્રમમાં એક જીવંત અને કલામય માહોલ સર્જાયો હતો. આ પહેલ વડનગરની સમૃદ્ધ સાંસ્કૃતિક ધરોહરને સ્થાનિક લોકો અને બહારથી આવતા પ્રવાસીઓ સુધી પહોંચાડવામાં મહત્વપૂર્ણ સાબિત થશે, તેવો આશાવાદ વ્યકત કરવામાં આવ્યો છે. આ પ્રકારના આયોજનો ભવિષ્યમાં પણ ચાલુ રાખવામાં આવશે, જેથી વડનગર એક જીવંત સાંસ્કૃતિક કેન્દ્ર તરીકે વિકસી શકે.



કમલમ્,

મોરબી મહાનગરપાલિકા વિસ્તાર હેઠળના શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો તથા આયુષ્માન આરોગ્ય મંદિર ખાતે ૨૫/૪/૨૦૨૫ શુક્રવાર ના રોજ વિશ્વ મેલેરીયા દિવસ ૨૦૨૫ ની ઉજવણી કરવામા આવેલ જેમા આ વર્ષ ની થીમ “Malaria Ends With Us: Reinvest,Reimagine, Reignite” અંતર્ગત વિવિધ પ્રવ્રુતિ હાથ ધરવામા આવેલ હતી. મેલેરીયા ના લક્ષણો તથા મેલેરીયાને ફેલાતો અટકાવવા માટેના પગલા અંગે પત્રિકા વિતરણ કરી માર્ગદર્શન આપવામા આવેલ તથા મેલેરીયા અંગે ના પોસ્ટરો તથા બેનર સાથે રેલીનુ આયોજન કરવામા આવેલ અને મેલેરીયા નિયંત્રણ માટે જનજાગ્રુતિ કરવામા આવેલ હતી.

